# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **ઘાસના અછતગ્રસ્ત વિસ્તારોમાં સબસિડી સાથે રાહત દરે ઘાસ ઉપલબ્ધ કરાવવાનો સરકારનો નિર્ણય.**
2. **વલસાડના તિથલ બ્રિજ પર જો હવે કોઇ ગંદકી કરશે તો તેની પાસેથી એક હજારના દંડની વસુલાત કરાશે.**
3. **અમદાવાદ ક્રાઇમ બ્રાંચે બાળતસ્કરીને ઝડપીને અપહરણ કરાયેલા ત્રણ બાળકોને ગોધરાના એક ગામમાંથી મુક્ત કરાવ્યાં.**
4. **ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી અન્ડર ગ્રેજ્યુએટ અનેપોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોની બેઠકો માટે આજથી પ્રવેશ માટે મોપ અપ રાઉન્ડ શરૂ થશે.**
5. **અમદાવાદ ખાતે રમાઇ રહેલી વર્લ્ડ તીરંદાજી પેરા સિરીઝમાં ભારતના શીતલ દેવી અને રાકેશ કુમારે નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો.**
6. **ગાંધીનગરમાં યોજાનારી વોલીબોલ ચેમ્પિયન્સ લીગ ચેમ્પિયનશિપ ટ્રોફીનું અનાવરણ અને પ્લેયર ઓક્શન.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# GOVT DECISION FOR GRASS

રાજ્ય સરકાર દ્વારા ઘાસની અછત ધરાવતા વિસ્તારોમાં સબસિડી સાથે રાહત દરે ઘાસ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરાયો. સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, આ નિર્ણયથી પોરબંદર, દેવભૂમિદ્વારકા, જામનગર અને કચ્છના પશુપાલકોને સીધો લાભ મળશે.

તેમણે કહ્યું, પોરબંદર શહેરમાં કાર્યરત્ કરાયેલા ઘાસ ડેપોમાં પશુપાલક-દીઠ વધુને વધુ પાંચ પશુઓ માટે બે રૂપિયા પ્રતિકિલોના રાહત દરે ઘાસનું વિતરણ શરૂ કરાયું. ઉપરાંત ખેતમજૂરી પર નભતા પરિવારોને 'જી રામ જી' યોજના હેઠળ રોજગારી અપાશે.

# TITHAL BRIDGE FINE

વલસાડના તિથલ બ્રિજ પર જો હવે કોઇ ગંદકી કરશે તો તેની પાસેથી એક હજારના દંડની વસુલાત કરાશે. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘ક્લીન તિથલ, ક્લીન વલસાડ’ અભિયાન અંતર્ગત પ્રખ્યાત તિથલ બીચ ખાતે મહાસફાઈ ઝુંબેશ યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન અને વલસાડના ધારાસભ્ય ભરત પટેલની અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ, **NCC** અને **NSS**ના કેડેટ્સ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હોવાનું વલસાડ કલેક્ટર નિતીન સાંગવાને જણાવ્યુ હતું.

**BYTE - NITIN SANGWAN, VALSAD DIST. COLLECTOR**

# AHMEDABAD CITY CRIME BRANCH

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ અને એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે જુલાઈ 2022માં સોલા વિસ્તારથી અપહરણ કરાયેલા સગીર સહિત કુલ ત્રણ બાળકોને ગોધરાના નવા નદીસર ગામથી મુક્ત કરાવ્યા છે.

પોલીસને બાળકો અંગે મળેલી બાતમી આધારે ક્રાઈમબ્રાંચની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા એક  સગીર મળી આવ્યો હતો. પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, વર્ષ - 2022માં આરોપીએ હેબતપુરમાંથી એક સગીરનું અપહરણ કર્યું હતું અને તેને ગોધરામાં 10 હજાર રૂપિયામાં જ વેચી દીધો હતો.

આ ઉપરાંત અપહરણ થયેલા બીજા બે બાળકો મજૂરી કરતા મળી આવ્યા હતા. પોલીસે આ ઘટનામાં સંડોવાયેલા બે આરોપીને ઝડપી પડ્યા છે.

# GCAS ADMMISSION ROUNG

**ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી 34 હજાર 499 બેઠકો માટે આજથી જીકાસ પોર્ટલ દ્વારા અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં પ્રવેશ માટેના વધુ એક રાઉન્ડનો આરંભ થશે. આજથી મોપ અપ રાઉન્ડ શરૂ થશે, જે 11મી સપ્ટેમ્બર સુધી ચાલશે. અગાઉ ત્રણ રાઉન્ડ યોજાઇ ચૂક્યા છે અને પ્રવેશ માટેનો આ ચોથો રાઉન્ડ છે.**

# STATE RAIN AND WEATHER

આજે સવારે છ વાગે પૂરાં થતાં 24 કલાકમાં રાજ્યના 10 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન તાપીના નિઝરમાં સૌથી વધુ ત્રણ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો, જ્યારે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યુ કે, રાજ્યમાં આગામી સાત દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

પ્રવર્તમાન પવનો દક્ષિણપશ્ચિમથી પશ્ચિમ તરફના હોવાથી આગામી સાત દિવસમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદ શક્યતા છે.

# SNAKE BITE

**પંચમહાલ જિલ્લામાં ખેતીકામ દરમિયાન સાપ કરડવાની બે અલગ-અલગ ઘટના સામે આવી છે. શહેરા તાલુકાના ગાગડીયા ગામે 35 વર્ષીય મહિલા અને કાલોલ તાલુકાના રાયણીયા ગામે 44 વર્ષીય પુરુષને ખેતરમાં કામ કરતી વખતે સાપે ડંખ માર્યો હતો. બંનેને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.**

# TRAIN OPERATION

**સોમનાથ સેક્શનમાં બ્લોકના કારણે કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયો છે. રાજકોટ-સોમનાથ સેક્શનમાં શાહપુર-લુશાલા વચ્ચે રી-એલાઇનમેન્ટ કાર્યને મંજૂરી મળી છે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજરના જણાવ્યા અનુસાર, આ કાર્ય માટે આવતીકાલે બ્લોક લેવામાં આવશે, જેના કારણે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત થશે.**

**પ્રભાવિત થનારી ટ્રેનોમાં વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઇન્ટરસિટી એક્સપ્રેસ આવતીકાલે વેરાવળથી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક 20 મિનિટ મોડી ઉપડશે. વેરાવળ-ઓખા એક્સપ્રેસ, વેરાવળથી તેના નિર્ધારિત સમય કરતાં 1 કલાક 30 મિનિટ મોડી ઉપડશે. રાજકોટ-વેરાવળ લોકલ આવતીકાલે રાજકોટથી ઉપડીને જૂનાગઢ સુધી જશે. જૂનાગઢ અને વેરાવળ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

# AHMEDABAD WORLD ARCHARY

અમદાવાદ ખાતે રમાઇ રહેલી વર્લ્ડ તીરંદાજી પેરા સિરીઝ 2026માં ભારતના શીતલ દેવી અને રાકેશ કુમારે નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. બંને ખેલાડીઓએ કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ક્વોલિફિકેશન રાઉન્ડમાં એક હજાર 400ના સંયુક્ત સ્કોર સાથે નવો વિક્રમ સર્જ્યો છે.

રાકેશ કુમારે પેરા કમ્પાઉન્ડ મેન્સ ક્વોલિફિકેશનમાં 702 પોઈન્ટ મેળવીને બીજા સ્થાને રહ્યા, જે ઇન્ડોનેશિયાના ટોપ ક્વોલિફાયર કરતાં માત્ર બે પોઈન્ટ પાછળ છે, જેણે 720 માંથી 704 પોઈન્ટ મેળવ્યા હતા. શીતલ દેવી પેરા કમ્પાઉન્ડ મહિલા ક્વોલિફિકેશનમાં ટોચ પર રહી, જેનાથી ભારતીય કમ્પાઉન્ડ ટુકડી માટે દિવસ મજબૂત બન્યો.

ભારતના આઠ પેરા કમ્પાઉન્ડ તીરંદાજો - પુરુષોની શ્રેણીમાં રાકેશ કુમાર, તોમન કુમાર, શ્યામ સુંદર સ્વામી અને ગુરવિંદર સિંહ, અને મહિલા શ્રેણીમાં શીતલ દેવી, પાયલ નાગ, સરિતા અને લાલપતિ - બધા આગળના તબક્કામાં આગળ વધ્યા છે.

# AHMEDABAD ARCHERY

અમદાવાદમાં વિશ્વ તિરંદાજી પારા સ્પર્ધા યોજાઇ છે, ત્યારે અમદાવાદ આવેલા ભારતીય તીરંદાજ શ્યામ સુંદર સ્વામી કહ્યું કે, અમદાવાદમાં હાલમાં ચાલી રહેલી વર્લ્ડ રેન્કિંગ સિરીઝ સ્થળે પહોંચ્યો તો એશિયન ગેમ્સમાં પહોંચ્યો હોવાનો અનુભવ થઇ રહ્યો છે. અહીંનું વાતાવરણ અને મેદાન ઉત્તમ છે.

## BYTE - SHYAM SUNDAR SWAMI

# VOLLEYBALL CHAMPIONS LEAGUE

ગાંધીનગરમાં વોલીબોલ ચેમ્પિયન્સ લીગનો પ્રારંભિક કાર્યક્રમ યોજાયો હતો. જેના ભાગરૂપે VCLની ચેમ્પિયનશિપ ટ્રોફીનું અનાવરણ, પ્લેયર ઓક્શન યોજાયું હતું. VCLના સ્થાપકો ધીરજ મંજરી અને કુલવંત બલિયાને ચેમ્પિયનશિપ ટ્રોફીનું અનાવરણ કર્યું.

ગુજરાતમાં પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરની પ્રોફેશનલ વોલીબોલ લીગનું પ્લેયર ઓક્શન યોજાયું. ગાંધીનગરના ધારાસભ્ય રીટા પટેલે જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સ અગાઉ વોલીબોલ ચેમ્પિયન્સ લીગ ઉત્સાહજનક સાબિત થશે.

**BYTE - RITA PATEL, MLA**

# PAVAGADH

યાત્રાધામ પાવાગઢમાં ગઈકાલે યાત્રિકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન માટે ઉમટી પડતાં મંદિર પરિસર અને પાવાગઢ તરફના માર્ગો પર ભક્તોની ભીડ જોવા મળી હતી.

યાત્રિકોએ માતાજીના દર્શન કરી સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. તો યાત્રિકોની ભીડને ધ્યાનમાં રાખીને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# BHADRAVI POONAM MAHA MELA

શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહા મેળાની તૈયારીઓ ચાલી રહી છે. આ મેળામાં 1600થી વધારે નોંધાયેલ ટ્રસ્ટ અંબાજી પહોંચશે. વહીવટદાર કૌશિક મોદીએ આ મેળામાં જતા સંઘોને પાંચ મીટરથી લાંબી ધજા ન લઈ જવા ખાસ સૂચના આપી છે.

**BYTE: KAUSHIK MODI ADMINISTRATOR AMBAJI TEMPLE**